સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

સલામી સવારની..

વરસાદ ક્યાંક કરા, ઋતુઓ રંગ બદલે છે,
ક્યાંક ત્રાટકે વીજ, હવામાન જંગ બદલે છે,
બદલે નંગ સમજુતિથી ચટે ધૂળ ડમરી -
શબ્દ ગર્જનાથી તંગ, સભ્યતા ઢંગ બદલે છે..

હાઈકુ

પ્રેમ લાગણી,
વરસે કમોસમી -
હાય ચૂંટણી..

છે વાવાઝોડું
ઉખેડે એ સ્વભાવ
જડમૂળથી..

(હવામાનમાં પલ્ટો...)

ચિંતન

શુષ્કેન્ધને વહ્નિરૂપૈતિ વૃદ્ધિં, વાલેષુ શોકશ્ચ પલેષુ કોપઃ
કાન્તામ્ કામો નિપુણેષુ વિત્તં ધર્મો દયાવત્સુ મહત્સુ ધૈર્યમ્ ॥

સુભાષિત રત્ન ભાંડાગારના 'સામાન્યનીતિ' નામના બીજા પ્રકરણનો આ શ્લોક છે : 'સૂકા લાંકડામાં અગ્નિ, બાળકોમાં શોક, ચપળ-ચતુર લોકોમાં ગુસ્સો, સ્ત્રીઓમાં કામવૃત્તિ અને નિપુણ-નિષ્ણાત જનોમાં ધન-સંપત્તિ, મહાપુરૂષોમાં ધૈર્ય-ધીરજ વૃત્તિ પામતાં હોય છે.'

ઘણીવાર-અમુક વૃત્તિ-સ્વભાવ-ગુણ કે દોષ વ્યક્તિમાં જન્મજાત જ હોય છે. એ સમય આવે-જરૂર પડે આપોઆપ દૃશ્યમાન થાય છે બાકી ગુપ્ત-સુષુપ્ત રીતે અંદર પડેલા જ હોય છે. બકરીનાં ટોળામાં ઉછરતું સિંહનું બાળક કંઇ બેં બેં કરી ગભરાતું નથી. જરૂર પડે એ હાથી પર પણ તૂટી પડે છે.

લાકડાંમાં છૂપો-સુષુપ્ત અગ્નિ રહેલો જ છે બાહ્ય રીતે તે ભલે શીતળ દેખાય, બાળક ભીરૂ-શાંત-ડાહ્યું દેખાતું હોય પણ એમની ચંચળવૃત્તિ તો હોય છે જ અવકાશ મળતાં જ ઉછળે છે. સ્ત્રી લજ્જાળું શાંત-દેખાવાનો ડોળ કરતી હોય પણ અંદરથી તો કામવૃત્તિનો ફૂંવારો હોય છે.

આમ બુદ્ધિશાળી મનુષ્યમાં ધૈર્ય-ધર્મ-હોય જ છે.

સુવિચાર

- જીવન એક સંગ્રામ છે, જીવન એક યજ્ઞ છે, જીવન એક સાગર છે, જખ્મો વિના સંગ્રામ હોઇ શકે નહીં, જવાળા વિના યજ્ઞ હોઇ શકે નહીં, તોફાન વિના સાગર હોઇ શકે નહીં - *જીવનસૂત્ર*
- માનવીની શાંતિની કસોટી સમાજમાં જ થઇ શકે, હિમાલયના શિખર પર નહીં - *એસ. ભટ્ટાચાર્ય*
- કમ્પેરીઝન અને કોમ્પીટીશન છોડીને કોમ્પ્રોમાઇઝ કરનાર શાંતિ પામે છે - *જનકલ્યાણ*
- પનોતીની અસર જેટલી ખરાબ, એટલી જ હોય છે સારી, કારણ કે ત્યારે જ સાચા મનથી ભગવાનને યાદ કરવાની આપણી હોય છે વારી - *નાઝ માંગરોળી*
- ગરીબ માણસો પોતાની ગરીબીમાંથી ખુમારીપૂર્વક બહાર આવે એવી વ્યવસ્થા જ ખરી એમની સેવા છે - *વિનોબા ભાવે*
- નવા રસ્તાઓ શોધવાનાં હોય છે... પણ આપમે આગળ વધતાં જ નથી, ત્યાં જ ઉભા રહીને રસ્તાઓ શોધતા રહીએ છીએ... રસ્તા ઉગતા નથી, રસ્તા બનાવવા પડે છે - *જહોન એફ.કેનેડી*
- ખુદા મારી સમીપ રહે, મારાથી એ દૂર ક્યાં છે? કિંતુ હું જોઇ શકું એને એટલું આંખોમાં નૂર ક્યાં છે? - *ઉસ્માન મલેક*

(સંકલન : દીપક વી.આસરા)

બોધ કથા

આજકાલમાં વેકેશન શરૂ થશે શાળા-કોલેજના વિદ્યાર્થીઓ પોતપોતાની રૂચિ અનુરૂપ મનોરંજન મોજ-મજાના આયોજન કરશે. બિચારા પરીક્ષાની તૈયારીમાં વાંચી-વાંચી ઉજાગરા કરી થાકી ગયા હોય ને!!

હોલેન્ડ નાનો દેશ પણ ત્યાં નિરક્ષરતા ખૂબ હતી. આખા દેશમાં પંદર-વીસ કોલેજ માત્ર હતી એમાં કોઇ ગાંધીવાદી પ્રોફેસરને વિચાર સ્ફૂર્યો અને બધી કોલેજમાં 'જનરલ-સેક્રેટરી'ની એક મિટીંગ બોલાવી અને દેશની પરિસ્થિતિનું મૂળ 'નિરક્ષરતા'માં છે એ સમજાવ્યું. જો વિદ્યાર્થીઓ પોતાના વેકેશનનો ભોગ આપે તો બે વર્ષમાં દેશ સો ટકા સાક્ષર થઇ શકે. એવું આયોજન સમજાવ્યું.

વિદ્યાર્થીઓને રસ પડ્યો. પોતે પોતાની કોલેજમાં જઇ વિસ્તાર મુજબ-ટુકડીઓ બનાવી અને વેકેશનમાં ત્રણ કલાક સવારે-ત્રણ કલાક સાંજે મંડી પડ્યા. આખા દેશમાં વિદ્યાર્થીઓ ફેલાઇ ગયા અને નિરક્ષરતા સામે યુદ્ધ શરૂ થયું.

... અને માત્ર બે જ વેકેશનમાં આખો હોલેન્ડ દેશ યુવા-વિદ્યાર્થીઓના પ્રયત્નથી સો ટકા સાક્ષર થયો. દેશદાજ-રાષ્ટ્રભક્તિ અને પ્રજા પ્રેમથી શું ન થઇ શકે?

Email - sureshchandrabhatt18@gmail.com

યસ, હું સુંદર છું...!! કાળા રંગની ઉજળી બાજુનો ઓસ્કાર એવોર્ડ..!!

'તું ખરેખર ખુબ લકી છે' એકદમ હોલીવુડ સ્ટાર બની ગઇ અને મારૂં નસીબ સારૂં તે તારું સ્ટાર બનવું મને દેખાયું, નહીં તો હું પણ ગોરા બનવાની 'વ્હાયટનીંગ ક્રિમ' ચોપડતી બેઠી હોત અને મારાં કાળાં રંગનો તિરસ્કાર કરતી જીવતી હોત

આપણે સુંદર જ હોઇએ છીએ, પ્રશ્ન માત્ર એટલો જ કે એ સૌંદર્ય કેટલું જલ્દી સ્વીકારી લઇએ છીએ? દરેક વ્યક્તિની ફિંગર પ્રિન્ટ, આંખોની ઇમેજ અને ડિએનએ યુનિક હોય છે. બાકી રૂપ, ફિગર, સ્માર્ટનેસ કયારેક કયાંક ને કયાંક મેળ ખાઇ જાય છે. રહી વાત રંગનીતો દરેકનો ગોરો રંગ પસંદ છે, રૂપાળા દેખાવું છે... પણ રંગ એ કોઇના હાથની વાત નથી અને એ માટે પોતાને કસુરવાર ગણવાની જરૂર નથી...

●●●

'તું ખરેખર ખુબ લકી છે' એકદમ હૉલીવુડની સ્ટાર બની ગઇ અને મારૂં નસીબ સારૂં તે તારૂં સ્ટાન બનવું મને દેખાયું, નહીં તો હું પણ ગોરા બનવાની 'વ્હાયટનીંગ ક્રિમ' ચોપડતી બેઠી હોત અને મારાં કાળા રંગનો તિરસ્કાર કરતી જીવતી હોત...

મારી ફેનનો પક્ષ અને એમાં લખાયેલી વેદનાની લીટીઓથી હું ડિસ્ટર્બ થઇ ગઇ. મારૂં કાળજું ચિરતાં ગયા અને શબ્દો. એની કાળી ત્વચા એક રાતમાં ઉજળી થઇ જાય એવું ઇચ્છનારા એ જીવનો આકોશ મને સમજાતો હતો. અમાસની કાળી રાત જેવી જ મારી ત્વચા કાળી છે, એ પોતાને પચાવવું, પોતાનો જ તિરસ્કાર કરવો આ બધું મેં પણ અનુભવ્યું છે.

Hello ફ્રેન્ડસ!
-સંજય થોરાત
hellogandhinagar@gmail.com

હું પોતે ખુબ કુરૂપ, કાળી છું એવું સતત લાગતું, ચચરતું, મેં મારા કાળા રંગના કારણે કેટલાંય મ્હેણાં સાંભળ્યા છે. કેટલાંય લોકોએ મને ત્રાસ આપ્યો છે. અનેકોએ મને ટોર્ચર કરી છે. આજે એ બધું યાદ આવતાં જ મારાં રૂંવાડા ઊભા થાય છે. એક સમય હતો જયારે હું ટીવી પર માત્ર ગોરા રંગના લોકો જ જોતી હતી. તેમનો સફેદ રંગ જોઇ બળતી હતી. રોજ ભગવાન જોડે મારી એક જ માંગણી હતી, એ વિશ્વનિયંતા જાદુગરે કંઇક એવી જાદુ કરી મને રૂપાળી કરવી એવું રોજ લાગતું હતું...

રાત્રે સૂતી વખતે મારૂં એક જ સ્વપ્ન હતું, સવારે ઉઠતાં જ મારૂં શરીર એકદમ ગોરૂં થઇ ગયેલું હોવું જોઇએ. પણ એવું કયારેય બન્યું જ નહીં. અરીસો જોવાનીય મને ચિતરી ચઢતી, રોજ એનો એજ મારો કાળો ચહેરો. રોજ મને લાગતું કે આજે નક્કી ચમત્કાર થશે અને હું ગોરી બનીશ, પણ એવું કશુંય બન્યું નહીં, રોજે મારો ચેહોર કાળો જ દેખાતો!!



કંઇ કશો મેળ પડતો નહોતો. મેં ભગવાનને મસ્કા મારવાનું ચાલું કર્યું. લેતી-દેતી કરી નાંખી. હું રોજ રાત્રે ચોરીને શુગર ક્યુબ ખાઇશ નહીં. મમ્મીનું બધું જ માનીશ. સ્કૂલમાં સ્વેટર ભૂલીને નહી આવું. સારો વ્યવહાર કરીશ. ફક્ત એકવાર પ્રભુ મને ગોરી બનાવી દે, પ્લીઝ... પણ, પ્રભુને કાંઇ મારી પ્રપોઝલમાં રસ પડ્યો નહીં, એ કાંઇ ઇમ્પ્રેસ થયો નહીં. એણે મારૂં કશું જ માન્યું નહીં. હું ઉંમરમાં આવી, શરીરમાં આકારો બદલાયાં અને મારૂં પોતાના પરનું ચિડિયા પણું વધતું ચાલ્યું, પોતાને જ પોતે હું ગમતી નહોતી. મારી મમ્મી કહેતી કે તું સુંદર જ છે, પણ હું તેનું માનતી નહોતી. એનું સાંભળી લેવાની મારી તૈયારી જ નહોતી. મને લાગતું એ મારી મમ્મી છે અને પ્રત્યેક માં ને એનું બાળક સુંદર જ લાગતું હોય છે!!

અને એક દિવસ અચાનક મારામાં બદલાવ આવ્યો. ત્યારે હું 'એલેક વેક'ને જોવા લાગી. સેલિબ્રીટી મોડેલ તરીકે એ ઠેકઠેકાણે ચમકવા લાગેલી, અને એ મારાં જેટલી જ કાળી હતી. મેગેઝીનમાં, ટીવીમાં ફક્ત એનાં જ સૌંદર્યના વર્ણનો દેખાવાં લાગ્યા. તમામ દુનિયા એનાં સૌંદર્યની દિવાની, એ કેટલી સુંદર છે એની જ ચર્ચા, 'ઓપ્રા વિન્ફ્રેન' એની સુંદરતાના વખાણ કર્યા. મને તો વિશ્વાસ જ બેસતો નહોતો, મારાં જેટલી જ કાળી, મારા જેવી જ દેખાતી છોકરીમાં લોકોને સૌંદર્ય દેખાતું હતું, એટલે આપણે પણ સુંદર જ છીએ, સુંદર હોઇ શકીએ છીએ. ફેશનની દુનિયામાં સુંદરતાનાં નોર્મ્સ એણે બદલી નાંખ્યા. મારાં મનમાં મારા દેખાવ વિશે શંકા હતી એને હરાવી મારાં પોતાનો જ મારાં વિશેનો મત બદલવો સહેલો નહોતો.

હું મારા પોતાના કોચલામાં ફીટ હતી. પણ ખીલવાનું નહીં એવું કેટલાંય ફુલોએ નક્કી કર્યું તોય એમને એવું ફાવતું નથી, એ કઇ માટીમાંથી બહાર આવે જ છે. એલેકને જોઇને મારૂં પણ એવું જ થયું. મને એનામાં મારૂં પ્રતિબિંબ દેખાયું. મારાં અંદર ધરબાયેલ વસંતને બહાર આવવા લાગી. સૌંદર્યના કહેવાતાં ઠેકેદારોને મારૂં સૌંદર્ય દેખાવા લાગ્યું. મારો ચહેરો પણ ટીવી પર દેખાવા લાગ્યો. પણ મારો રોજબરોજની જીંદગીમાં, મારી અરસપરસ વસતાં અનેક લોકોને મારૂં આ સૌંદર્ય માન્યું નહોતું. એમનાં દૃષ્ટિથી હું સુંદર નહોતી. એ વાત મને ખટકતી હતી. ત્યારે...

મારી માતાએ મને કીધું હતું, "ખાલી સૌંદર્યથી પેટ ભરાતું નથી, હવે રડવાનું બંદ કરી દે" ત્યારે મને આ વાત સમજાઇ નહોતી. પણ આજે ઓસ્કાર સુધી પહોંચ્યા બાદ મને આ વાતની ખાત્રી થઇ ગઇ છે કે સૌંદર્ય એ કાંઇ કમાવવાની, મેળવવાની કે વાપરવાની વાત નથી. એ તો પોતાનામાં જ હોય છે. આપણે સુંદર જ હોઇએ છીએ, સુંદર જ છીએ અને આ આપણું 'સુંદર હોવું' આપણે પોતે કેટલું જલ્દી માન્ય કરી લઇએ છીએ એ જ મહત્ત્વનું છે!!

●●●

'લાજવાબ લ્યૂપિતા' એવો સહજ ઉદ્‌ગાર નીકળી જાય. લ્યૂપિતા ન્યોંગને હમણાં જ 'ટ્વેલ્વ ઇયર્સ ઑફ સ્લેવ' ફિલ્મ માટે સહાયક અભિનેત્રીનો ઑસ્કાર એવોર્ડ મળ્યો. એણે એના ભાષણમાં એને સાંભળનારાં સૌને કહી દીધું કે આ કાર્યક્રમ જોનારાં કે સેલિબ્રીટી વિશ્વ સાથે કાંઇ જ લેવા દેવા ના હોય એવાં લોકોને મારે એક જ વાત કહેવી છે કે, "નો મેટર વ્હેર યુ આર ફ્રોમ, યૉર ડ્રીમ્સ આર વેલિડ"...

આપણે પોતે જોયેલા સ્વપ્નાં જ સાચાં છે. તે જોવાનાં અને પુરાં કરવાનો આપણને પુરતો અધિકાર છે. આવું કહેનારી ૩૧ વર્ષની આ યુવતી મૂળ તો મેક્સિકન, કાળા રંગની માલકીણ, એના પપ્પા કેનેડીયન. ફિલ્મ અને થિયેટર સ્ટડીઝમાં ગ્રેજ્યુએશન કરીને એણે અનેક ફિલ્મો માટે આસીસ્ટન્ડ ડાયરેક્ટર તરીકે કામ કર્યું. કાળી અંધારી રાતની ગુફામાંથી બહાર નીકળી બેનમૂન અભિનય માટે ઓસ્કાર એવોર્ડ મેળવ્યો અને એની તક ઝડપી એણે એ જ સ્ટેજ પરથી વિશ્વભરમાં આ મેસેજ પણ આપી દીધો.

સૌંદર્ય એ ત્વચાના રંગ પરથી નક્કી થતું નથી અને રંગ કોઇ સ્વપ્ના સાકાર કરવા નડતર બનતો નથી. (સ્મિતા પાટીલ, સીમા બિશ્વાસ, નિઃશબ્દ વાળા ઝીયા ખાન આપણી ઇન્ડસ્ટ્રીના ઉદાહરણો છે.) આપણે પોતે કાળા છીએ અને તોય સુંદર છીએ કહેતું ભાષણ આજે દુનિયાભરમાં પ્રસિદ્ધ થયું છે. આ યુટયુબ-વૉટ્સ અપ પર વાયરસની જેમ ફરી રહેલી ક્લીપમાં સૌથી ગમે એવાં ગોરા રંગના દીવાના અને કાળા રંગને ધુત્કારનારા છે એવી કોઇ જ નકારાત્મક વાત કરી નથી!!

એ એમ જ કહે છે કે દુનિયા બદલાઇ છે, સુંદર દેખાવાના સમીકરણ જ બદલાયાં છે, માત્ર મિસ વર્લ્ડ કે મિસ યુનિવર્સ જ સુંદર હોય એવું નથી. જુની સમજ બદલાઇ છે. ભલે હજી પણ દરેકની પસંદગી ગોરા રંગની પ્રથમ જ હોય, તો પણ કાળો કલર તિરસ્કાર કરવાં જેવો નથી. મુખ્ય વાત એક જ છે આપણા મનમાં ઉઠતાં વિચારોનું શું? આપણે પોતે પોતાની જાતને સુંદર સમજતા નથી. આ સાચો પ્રશ્ન છે. જો આપણે એકવાર નક્કી કરી લઇએ કે આપણે સુંદર છીએ, સુંદર દેખાઇએ તો કોની હિંમત છે પછી આપણને કાળા-કદરૂપાં કહેવાની?? અને એટલે એની આ ખુદ્દારી માટે પણ એકવાર લ્યૂપિતાને મળવા જેવું છે, લ્યૂપિતા લખતાં જ એની આ ક્લિપીંગ મળી રહેશે!!

ચૂંટલો :

ઑસ્કાર એવોર્ડ જાહેર થવા પૂર્વે લ્યૂપિતાએ કરેલી આ વાત 'ઇસેન્સ ઑફ બ્લૅક વુમન ઇન હૉલીવુડ લૉન્ચ' ના વિષય સાથે એના મુકેલા વિચાર, આજે વિશ્વભરમાં શ્યામ - કાળી છોકરીઓમાં ધૂમ ફોરવર્ડ થઇ રહ્યાં છે. યસ, આપણે બધાં જ સુંદર છીએ જરૂર છે આપણાં મનને મનાવી લેવાની.

ચીંટુના પિતા પરિસ્થિતિ પારખીને ચુપ થઇ ગયા, એટલે ઝગડો ટળી ગયો, જેથી મને પણ જરા રાહત જણાઇ, મંગળાના કુટુંબના સભ્યોની નજર ઘડીભર માટે મારા તરફ કેન્દ્રીત થઇ ગઇ

નવાં કલેવર
- નટવર હેડાઉ

ટ્રેનમાં ભીડ જરૂર હતી પણ એટલી નહીં કે પ્રયત્ન કરવા છતાં બેસવાની જગ્યા ન મળે. ડબ્બામાં ચડીને મેં આમ તેમ નજર ફેરવી. સામેની બર્થ પર ખુબ જ ગંદા લાગતા ચાર-પાંચ સ્ત્રીપુરૂષો અને બે-ત્રણ બાળકો ગમે તેમ ભીચડમ કરીને બેઠા હતા. તેથી સ્વાભાવિક જ ત્યાં બેસવાની કોશિષ કરવાનું નક્કામું હતું. આમ પણ તે ગંદા અને ચીથરેહાલ કુટુંબની પાસે બેસવાની ઇચ્છા થતી ન હતી. તેમની બરાબર સામેથી બીજી સીટ પર એક કંઇક સુખી ઘરનું હોય તેવું યુગલ પોતાના બે વર્ષના બાળક સાથે બેઠું હતું. તેમનું બાળક સીટ પરની આખી જગ્યામાં આમ તેમ ગડમથલ કરતું હતું અને બંને તરફ બેઠેલાં તેના માતાપિતા તેને પોતાની પાસે આવવા સમજાવતાં હતા. એકે કહ્યું ચીંટુ બેટા મારી પાસે આવ, તને ચોકલેટ આપું. ત્યાં બીજી તરફથી અવાજ આવ્યો. 'બકા મારી પાસે આવ લે હું બિસ્કીટ આપું.' આ રીતે એ લોકોએ બર્થને જાણે કે પોતાનો ડ્રોઇંગ રૂમ બનાવી દીધો હતો.

મેં તેમની પાસે બેસવાનો મનસુબો કરીને બાળકના પિતાને પુછ્યું, 'તમને વાંધો ન હોય તો હું અહીં બેસું?'

આ વાત સાંભળી તેમણે મારી તરફ એ રીતે જોયું જાણએ મેં તેમને કોઇ આઠમી અજાયબીની વાત કરી ન હોય! તે બોલ્યા 'અહીં જગ્યા જ ક્યાં છે? જોતા નથી. સાથે આ નાનું બાળક છે. તેને રમવા માટે પણ થોડી તો જગ્યા જોઇએ કે નહીં.'

આ સાંભળી જરા ખોટું લાગ્યું. દ્વિતીય શ્રેણીના ડબ્બામાં બેસીને પણ તેમની આ સુવિધાભોગી પ્રવૃત્તિથી મને આશ્ચર્ય થયું. પણ એ આશ્ચર્યની સ્થિતિ વચ્ચે મને સામેની સીટ પર બેઠેલા ગંદા અને ચીથરેહાલ પરિવારે જ ઉગાર્યો એમ કહું તો ખોટું નથી. એ વૃદ્ધ વ્યક્તિએ પોતાના કિશોરાવસ્થાના બાળક ને ઊભા થવાનું કહેતાં મને ઇશારો કરીને કહ્યું 'ભાઇ આવો અહીં બેસી જાવ. મુસાફરી જ કરવાની છે ને, ડબ્બાને ક્યાં આપણી સાથે લઇ જવાનો છે. છોકરો તો ઉભો રહેશે.'

વૃદ્ધ વ્યક્તિએ સહજ ભાવે આ કહ્યું હતું પણ સામે બેઠેલ કપલે તેને પોતાના માટે અપમાનજનક રીતે લીધું અને તેથી એ બંને પેલા વૃદ્ધ અને બાળકને કાચા જ ખાઇ જશે એવી તીક્ષ્ણ નજરે જોવા લાગ્યાં. પણ મારે શું કરવું બેસવું કે નહીં. ક્યાંક તેમના ગંદા કપડાં, બંનેથી મારા કપડાં ખરાબ તો થઇ જશે નહીં ને! પણ હવે ત્યાં ન બેસું તો સ્પષ્ટ રીતે જ પેલા વૃદ્ધની ભાવનાને ઠેસ પહોંચે તેમ હતું. તેથી ચુપચાપ હું એ લોકો પાસે જઇને મારાં કપડાંને સંકોરી બેસી ગયો.

પેલા સુખી પરિવારના બાળકની ઉંમરનું એક બાળક પેલા ગંદા અને ચીથરેહાલ કુટુંબમાં પણ હતું. તે અર્ધનગ્ન હાલતમાં તેની માં ના ખોળામાં સુતું હતું. થોડીવાર બાદ તેની આંખ ખુલી તો રડવા લાગ્યું. માં એ તેને પોતાના સુકાં સ્તને વળગાડ્યું. પણ બાળકને તેમાં કંઇ ન મળતાં તે રોવા લાગ્યું. માં તેને વ્હાલ કરતાં લાગી. વચ્ચે વચ્ચે તેને ધમકાવી નાંખતી હતી. માંના સંબોધન પરથી જાણવા મળ્યું. કે તેનું મંગળો હતું. કદાચ મંગળવારે તેનો જન્મ થયો હશે.

મંગળાના રોવાનો અવાજ સાંભળીને ચીંટુએ પણ એ તરફ જોયું. થોડીવાર સુધી એ નાગાપુગા બાળકને જોતો રહ્યો. પછી અસ્પષ્ટ સ્વરે તેણે પોતાની ભાવના વ્યક્ત કરી. જરાક હસ્યો અને પછી બર્થ પરથી નીચે ઉતારવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પણ તેની માંએ તેને એમ કરવા ન દીધું. મંગળાનું પણ ધ્યાન હવે ચીંટુ તરફ ગયું. તો એ રડતો બંધ થઇ ગયો. તે અપલક દૃષ્ટિએ સુંદર શોભતા પોતાના સમવયસ્ક ને જોઇ રહ્યો. તેના ચહેરા પર રાજીપા કરતાં ઉત્સુકતા વધુ હતી.

ચીંટુ અને મંગળાનું આ દૃષ્ટિ મિલન ચીંટુના માતાપિતાને ગમે તેમ ન હતું. અને થયું પણ એવું જ. તેમણે ચીંટુને ધ્યાન બીજી તરફ વાળવા થેલામાંથી રમકડાં કાઢી તેને આપી દીધાં. ચીંટુનું ધ્યાન હવે મંગળા તરફથી ખસીને રમકડામાં પરોવાઇ ગયું.

મંગળા એ ચીંટુ પાસે સુંદર મજાનાં રમકડાં જોયાં તો એ પોતાની માંના ખોળામાંથી નીચે ઉતરી સરકી ને સીટની નીચે આવી ગયો. મંગળાની માંએ પહેલાં તો એ તરફ ખાસ કંઇ ધ્યાન ન આપ્યું. પણ મંગળો ચીંટુ તરફ જવા લાગ્યો ત્યારે તેણે તેને અટકાવ્યો. મંગળો ત્યાં જવા માટે જીદ કરવા લાગ્યો. તેથી તેની માં એ તેને એક ધોલ લગાવી દીધી. મંગળો રોવા લાગ્યો. હજુ તેની નજર ચીંટુનાં રમકડાં તરફ હતી.

મંગળાના રોવાનો અવાજ સાંભલી ચીંટુનું ધ્યાન ફરીથી તેના તરફ ગયું. તેણે મંગળાની ભાવના સમજી ગયો. તેને પોતાનું રમકડું તેની તરફ ફેંક્યું. રમકડું બંને સીટોની વચ્ચે થોડે દૂર પડ્યું. મંગળો ઝપટ મારીને રમકડું લેવા ગયો પણ ચીંટુના પપ્પાએ તેને ધમકાવી નાંખ્યો. 'એ છોકરા રમકડું બગડી જશે.' પછી રમકડાંને જલ્દીથી ઉપાડી લેતાં મંગળાની માં પણ ગુસ્સે થતાં તેણે કહ્યું 'છોકરાને તું સાચવી શકતી નથી? તેને લઇ લે. તારી પાસે રાખ.'

મંગળાની માંએ ક્ષણભર મારી તરફ એ રીતે જોયું જાણે કે કદાચ હું તેનો બચાવ કરીશ. પણ મેં પોતાની જાતને સાચવીને એ ઝગડાથી દૂર રહેવાનું જ પસંદ કર્યું. મારા તરફથી નિરાશ થતાં તેણે પોતાના મંગળાને ઝટ દઇને ખોળામાં લેતા કહ્યું, 'ભાઇ સાચવું તો છું. પણ બાળક છે. માનતો જ નથી.'

ચીંટુની માં એ પણ ચીંટુને હવે ખોળામાં લઇ લીધો અને પોતાના પતિને સંભળાવવા લાગી. 'હું તો પહેલેથી જ કહેતી હતી કે ફર્સ્ટ ક્લાસનું રીઝર્વેશન કરાવી લો.'

ચીંટુનાં પિતાએ કહ્યું ફર્સ્ટ ક્લાસ માટે ઘણી મહેનત કરેલી. પણ તે પ્રોગ્રામ એટલો મોડો બનાવ્યો કે તેમાં રીઝર્વેશન મળ્યું જ નહીં.' તે પછી તેમને સામેથી સીટ પર તીક્ષ્ણ નજર નાંખતા કહ્યું, 'આ દેશમાં પોપ્યુલેશન એટલું વધી રહ્યું છે કે ક્યાંક બેસવાની જગ્યા મળવી પણ મુશ્કેલ છે.'

વસ્તી વધારા બાબતે તેમની આ ટીપ્પણી હું સમજી ન શક્યો. ફર્સ્ટ ક્લાસની જગ્યા તો એમના જેવા લોકોએ જ રોકી લીધી હતી. મંગળાના વર્ગના લોકોએ નહીં. હાં, મંગળાની જગ્યા એ લોકોએ જરૂરથી રોકી લીધી હતી એમ કહી શકાય. જો આ વાત મને ન સમજાતી હોય તો મંગળાના માતપિતા તો સમજવાનો પ્રશ્ન જ ઉઠતો ન હતો. તેથી એ બંને ચૂપ હતા. હું પણ ચૂપ રહ્યો.

ચીંટુ પોતાની માં ના ખોળામાં બેઠો બેઠો થાકી ગયો એટલે થોડીવાર પછી રડવા લાગ્યો. રમકડાંથી પણ એ છાનો ન રહ્યો. એટલે ચીંટુના પિતાએ ઊભા થઇ ઉપર મુકેલી બેગ ઉતારી તેમાંથી 'બિસ્કીટનું મોટું પેકેટ કાઢ્યું. તેમણે એ બિસ્કીટ કાઢીને ચીંટુના હાથમાં આપતાં કહ્યું, 'મારો દીકરો હવે બિસ્કીટ ખાશે.' એ પછી તેમને અચાનક ધ્યાન પડ્યું એટલે એક બિસ્કીટ મંગળાની તરફ ફેંકતા કહ્યું, 'લે તું પણ ખા.' મંગળા એ બિસ્કીટ ઉપાડી તો લીધું પણ ખાધું નહીં. તે ઘડીકમાં બિસ્કીટ તરફ અને ઘડીકમાં ચીંટુના પિતા તરફ જોવા લાગ્યો.

(અનુસંધાન પાના નં. ૬ પર)

પ્રેમ જેવી કોઈ અમૂલ્ય ભેટ હોતી નથી, પ્રેમ જ એક અનોખી ભેટ છે, પ્રેમમાં કોઈ લેવડદેવડ ન હોય, પ્રેમમાં કશું આપવા અને લેવાનું પણ ન હોય, આપીને પામવાનું નામ એટલે પ્રેમ

ગુલમહોર
- દિનેશ દેસાઈ

પ્રેમથી મોટી કોઈ ભેટ ન હોઈ શકે

નિત્સે કહે છે કે "પ્રેમનું ટકાઉપણું લેવડદેવડ ઉપર આધાર રાખતું નથી. પ્રેમમાં લેવાનું નહીં આપવાનું મહત્વ છે. આપવાનું નામ પ્રેમ છે અને આપીને પામવાનું નામ પણ પ્રેમ છે. કોઈ ભૌતિક ચીજવસ્તુની લેવડદેવડ એટલે જ પ્રેમ નહીં."

ઓશોએ પણ કહ્યું છે કે "અગર પ્રેમ હૈ તો દેના શીખો, લેના નહીં. પ્રેમ તુમ્હે બહુત કુછ શીખા દેગા. પ્રેમ અપને આપ મેં પ્રાપ્તિ હૈ. ફિર કિસી ચીજ કી જરુરત નહીં રહતી."

એક સ્વીડીશ પર્વતારોહક હિમાલય ગ્લેશિયરની મુલાકાતે આવી. નેવિશા એનું નામ. તેણે સ્થાનિક શેરપા યુવાન દેઝંગને પોતાની સાથે લીધો હતો. જે ગાઈડ તરીકે અને સાવ એકાકીપણા અને નિર્જનતા – સન્નાટા વચ્ચે સાથ પણ આપે. રોજ સૂર્યોદય પૂર્વે વહેલી સવારે નેવિશા અને દેઝંગ પહાડ ચઢવાનું શરુ કરે અને સૂર્ય અસ્ત થાય તે જગાએ તંબૂ તાણીને રાતવાસો કરે.

નેવિશા હિમાલયની પહાડીઓનો અભ્યાસ કરે, વાતાવરણનો તાગ પામે, વસુંધરાની વનસ્પતિઓને જુએ અને પરખવાની કોશિષ કરે. થોડું જે જાણતો હોય તો એવી વનસ્પતિઓ વિશે દેઝંગ માહિતગાર પણ કરે. મોસમની તાસીર, દુર્ગમ પહાડો પર પગદંડીઓની સચોટ જાણકારી તે આપતો રહે. જ્યારે પર્વતારોહણ પૂર્ણ કરીને તેઓ તળેટી વિસ્તારમાં આવ્યા ત્યારની વાત છે. સંધ્યાનો સમય હતો. નેવિશા અને દેઝંગ જમી રહ્યા હતા. નેવિશાની ઝોલા-બેગ પાસે એક ચમકતી ચીજ પડી હતી.

એ જોઈને દેઝંગે પૂછ્યું કે "નેવિશા, એ શું છે?"

નેવિશાએ કહ્યું કે "એ કોઈ મૂલ્યવાન ડાયમન્ડ છે. જે મને પર્વત પરથી મળ્યો છે."

દેઝંગને થયું કે મારે આ હીરો તેની પાસેથી માગી લેવો જોઈએ. એને બજારમાં વેચીને ખુબ બધા પૈસા મળશે અને એથી પોતાનું જીવન પણ સુધરશે. તેણે કહ્યું કે "આ ડાયમન્ડ તું મને આપીશ, નેવિશા?"

નેવિશાએ તરત પ્રતિભાવ આપ્યો કે "હા, હા. કેમ નહીં? આપણી સફર અને આપણા સંગાથની યાદગાર ભેટ." આમ કહીને તેણે પેલો હીરો દેઝંગને હાથમાં આપ્યો.

ખરેખર સફર અને સંગાથ પુરો જ થયો હોવાથી દેઝંગ તો નેવિશાની રજા લઈને ચાલવા માંડ્યો. એ થોડે દૂર જ પહોંચ્યો હતો અને અચાનક પાછો ફરી ગયો. એણે વિચાર્યું કે આટલી સહજતા અને સરળતાથી નેવિશાએ મને આ કિમતી હીરો આપી દીધો એ તેની મહાનતા જ કહેવાય. પરંતુ હીરો વેચીને મેળવેલા પૈસા કેટલા દિવસો સુધી ચાલશે?

નેવિશાએ દેઝંગને પાછો આવેલો જોઈને પૂછ્યું કે "શું થયું? કેમ પાછો ફર્યો? તારે બીજું કશું જોઈએ છે"

દેઝંગે કહ્યું કે "કશું થયું નથી. મારે તો આ હીરો તને પાછો આપવો છે. મારે તારી પાસે બીજું કશુંક જોઈએ છે."

નેવિશાને એમ થયું કે આ વળી પાછું શું માગશે? તેણે પૂછી જ લીધું કે "બોલ, તારે શું જોઈએ છે?"

દેઝંગે હીરો પાછો આપતા તેને કહ્યું કે "મને એ વાત સમજાઈ ગઈ છે કે આ હીરો મને બહુ સુખ નહીં આપી શકે. એને વેચીને જે પૈસા મળશે તે લાંબો સમય ચાલવાના નથી. મારે તો તારી પાસેથી જ્ઞાન જોઈએ છે. મને જીવન જીવવાની સમજ આપ. સારી રીતે જીવી શકાય એ માટે મારે તારું માર્ગદર્શન જોઈએ. પર્વતોના ચઢાણ અને દુર્ગમ પગદંડીઓ તો મેં તને બહુ બતાવી. પરંતુ હવે તું મને દુર્ગમ જિંદગીને કઈ રીતે સહજપણે જીવી શકાય એની સમજ આપ."

એ વેળાએ નેવિશાની આંખો ભીની થઈ ગઈ. તે બોલી ઊઠી : "ખરેખર, દેઝંગ... તને સાચી જ્ઞાનપ્રાપ્તિ થઈ ચુકી છે. તારામાં ડાયમન્ડ અને નોલેજ વચ્ચેની સમજ આવી ગઈ છે. મારે તને વિશેષ કશું શીખવવાનું નથી. ડાયમન્ડ અથવા પૈસા જેવી ચીજ થોડા સમય માટે જ તમને મદદ કરી શકે. પરંતુ જ્ઞાનની શક્તિ અને જ્ઞાનનો પ્રકાશ તમારી આખી જિંદગી પ્રકાશમય બનાવી શકે છે."

પ્રેમ જેવી કોઈ અમૂલ્ય ભેટ હોતી નથી. પ્રેમ જ એક અનોખી ભેટ છે. પ્રેમમાં કોઈ લેવડદેવડ ન હોય. પ્રેમમાં કશું આપવા અને લેવાનું પણ ન હોય. આપીને પામવાનું નામ એટલે પ્રેમ. એક પ્રેમીએ તેની પ્રિયાને એક ગિફ્ટ-બોક્ષ આપીને કહ્યું કે "બોલ, આમાં શું હશે? હું